ન°-૨૫

# ગણપતિની ઉપાસના એટલે મૂલાધારની શુદ્ધિ

ગણપતિને વિઘ્નહર્તા માનીએ છીએ તેથી હરેક શુભકાર્યમાં પ્રથમ ગણપતિનું સ્થાપન કરીએ છીએ. આવી સાવધાની રાખવા છતાંય શુભકાર્યો-માં અવારનવાર વિઘ્નો તો આવી જ પડે છે. તો પછી શું ઉપરોક્ત માન્યતા ખોટી સમજવી? ના, તે માટે તે માન્યતાને તાત્ત્વિક રીતે સમજીએ તો જ તેનો ખરો લાભ મેળવી શકાય.

યોગશાસ્ત્રમાં મૂલાધાર ચક્રમાં ગણપતિનો વાસ માનવામાં આવે છે.સાધકે સર્વ પ્રથમ એમને પ્રસન્ન કરીને પછી જ આગળ વધવાનું હોય છે. આ રીતે યોગશાસ્ત્રમાં આરોગ્ય-રક્ષાનો અમોઘ ઇશારો સાંકેતિક ભાષામાં કરીદીધો છે. "પહેલું સુખ તે જાતે નર્યા" શરીર જો નિરોગ ન હોય તો તે જ પ્રથમ અને મોટું વિઘ્ન. જીવનના એકે એક કાર્યમાં સર્વ પ્રથમ નિરોગી શરીરની જરૂરત છે. અને તેનો મૂલ આધાર મૂલાધારની-મળાશયની શુધ્ધિ ઉપર છે. જો મળવિસર્જનની ક્રિયા હંમેશા સંતોષકારક ન થતી હોય તો જીવનમાં અનેક ઉપદ્રવો ઉભરાઇ પડે અને જીવન ભારરૂપ લાગવા માંડે. તેથી સુખી થવા માટે અને તમામ વિઘ્નોમાંથી વિમુક્ત રહેવા માટે સર્વ પ્રથમ અને સર્વોત્તમ ઉપાય તે યથાયોગ્ય મળવિસર્જન થવું. આરોગ્યશાસ્ત્ર પણ તમામ રોગોનું મળ કબજીયાતને ગણે છે.

ગણપતિ ગણોનાય પતિ છે અને ગુણોનાય પતિ છે. શરીરનાં સમસ્ત ગણોના-કોષોના પતિ છે. અર્થાત્ સમસ્ત કોષોની આરોગ્યરક્ષાનો આધાર મૂલાધાર-શુધ્ધિ ઉપર છે. આખા શરીરની નિરોગતાનો મુખ્ય આધાર છે જેના ઉપર તેવું આધારચક્ર જો અશુદ્ધ રહે તો ધીમે ધીમે તેમાંથી મહા ઝેરી ગેસ ઉત્પન્ન થાય અને શરીરની તમામ નસનાડીઓમાં પ્રસરીને લાંબા સમયે કોષોને પણ પ્રભાવિત કરે અને તેમાંથી અસાધ્ય જીવલેણ રોગો પ્રગટે. ગણોના પતિ ગણપતિ જો પ્રસન્ન રહે તો જ તેના ગણો-કોષો પણ ખુબ પ્રસન્ન-નિરોગ રહે.

ગણપતિ ગુણોના પણ પતિ છે. તેમનું પેટ અને નાક ખુબ વિશાળ છે. આત્મોન્નતિમાં સત્વ, રજ અને તમ રૂપી ત્રિગુણને બાધક ગણ્યા છે. તે માટે ત્રિગુણો પર વિજય મેળવવાનો છે. તેના પતિ બનવાનું છે. શ્રી કૃષ્ણે પણ અર્જુનને કહ્યું કે તું ત્રિગુણરહિત થા. સદ્દગુણોના સંચય કરતા કરતા છેવટે ત્રિગુણની ઉપર નીકળી જવાનું છે. કલ્યાણપથમાં અગ્રસર થતા જે કાંઇ વિઘ્નો આવે કે ટિકાટિપ્પણી થાય તેને ઉદારતાથી મોટું પેટ રાખીને સહન કરી લેવાની છે; ઉન્નતિમાર્ગમાં આગળ વધવામાં જ્યારે ચીલાચાલુ માર્ગ છોડવાની જરૂરત ઊભી થાય ત્યારે તે પણ હિંમતપૂર્વક છોડી શકાવા જોઈએ, નાક લાંબું રાખવું જોઇએ.

મંદિરોના પ્રવેશદ્વારમાં જ હનુમાનજી અને ગણપતિની મૂર્તિઓ હોય છે. તે તેનું સૂચક છે કે ઇશ્વરદર્શન કરવા હશે તો સંયમી અને સેવામય જીવન જીવવું પડશે, અને નાક અને પેટ વિશાળ રાખવા પડશે. ગણપતિને શુદ્ધ અને બુદ્ધ બે નારીઓ ગણાવાય છે. તે, કોઇ સ્ત્રીઓ સમજવાની નથી પરંતુ શુદ્ધિ અને બુદ્ધિ સમજવાની છે. જયાં શુદ્ધિ અને બુદ્ધિ હોય છે, ત્યાં જ પરિમાર્જિત બુદ્ધિ હોય છે. અને પરિમાર્જિત બુદ્ધિ દ્વારા જ ચીલાચાલુ માન્યતાઓને તાત્ત્વિક રીતે સમજી શકાય છે. ગણપતિને શુદ્ધિ અને બુદ્ધિ રૂપી નારી કહીને, એ રહસ્ય ઢોલ વગાડીને કહી દીધું કે ગણપતિની ઉપાસના કેવી રીતે કરવી. પરંતુ બુદ્ધિ વગર સમજાય કયાંથી? અને મૂલાધારની – આરોગ્યના મળ આધારની શુદ્ધિ વિના બુદ્ધિ આવે કઇ રીતે?

વિસર્જન સમયે ગણપતિની સારામાં સારી અને મોંઘામાં મોંઘી તમામ મૂર્તિઓનું ધુમધામથી અને આનંદ-ઉલ્લાસ સાથે વિસર્જન કરવામાં આવે છે. એમાં પણ, મોહ–મમતા છોડવાનો અને પરિગ્રહ નહીં કરવાનો આડકતરો ઇશારો છે કે દરેકના વિસર્જન સમયે, વિસર્જન માટે હર્ષપૂર્વક તૈયાર રહેજો.

ગણપતિએ માતા–પિતાની પ્રદક્ષિણાને પૃથ્વીની પ્રદક્ષિણા સાથે સરખાવી હતી. માતાપિતા અને સેવાની જરૂરતવાળા સેવા વિના તરફડતા હોય અને આપણે ગણેશ–ઉત્સવમાં બેકાબુ થઈને નાચતા–કૂદતા હોઇએ તે ગણપતિને ગમે કઇ રીતે? બહોત ગઇ અને થોડી રહી, હવે તો સમજીએ અને સાચા ઉપાસક બનીએ!

દરેક ગણેશ–ઉત્સવમાં દરેક ગણેશ–ઉપાસક મૂલાધારની શુદ્ધિ કરીને આરોગ્ય સુધારવાનો પ્રયત્ન કરે તો? ગણેશ–ઉત્સવને જો આરોગ્ય સુધારવાનું સામુહિક પર્વ ગણે તો? તો, રાષ્ટ્રનો આરોગ્યનો સ્તર કેટલો ઊંચો આવી જાય!?

આવી તાત્ત્વિક વાતોનો લાભ તેઓ જ લઇ શકે અને તેઓને જ સાચી લાગે કે જેણે શ્રી ગણેશની સાચી ઉપાસના કરીને થોડીક પણ બુદ્ધી પ્રાપ્ત કરી હોય.

—યોગભિક્ષુ

પ્રકાશક :–
આમગુરુ પ્રેમસમર્પણધ્યાનભિક્ષુ પરિવાર ટ્રસ્ટ વતી,
ડૉ. સદ્‌ગુરુ સમર્પણ ભિક્ષુ
૧/અ, પલિયડનગર સોસાયટી, નારણપુરા,
સેંટ ઝેવિયર્સ હાઇસ્કૂલ રોડ, અમદાવાદ–૧૩.
ફોન : ૪૪૫૧૯૫